# ૧૦.૪ મૌન એકાદશી

ધર્મ જગતમાં પ્રવેશ કરનાર જીવ જે કંઈપણ ધર્મ આરાધના કરે તે ત્યારે સફળ થાય છે જયારે તેનો ભાવ, અહોભાવમાં પરિણમ્યો હોય, શિસ્ત-વિનય-વિવેકપૂર્વક ક્રિયા કરતો હોય, શાંતિપૂર્વક સાંભળતો હોય, અને મનના વિચારો કે વિકારોને મૌનપૂર્વક માત્ર જ્ઞાતા-દૃષ્ટાભાવે જોતો હોય. મૌનની શક્તિ અગાધ તો છેે. પરંતુ મૌન એ અંતરની દુનિયામાં ઉતરવાનું પ્રથમ પગથીયું પણ છે.

મૌનથી આંતરિક લાભ તો પાર વિનાના છે. પરંતુ ચાલુ વર્તમાન જીવનમાંય પાર વિનાના લાભો થાય છે. ભાવનગરમાં બેંકના એક કલાર્કે ૧૨ વરસ સુધી મૌન ચાલુ સર્વિસે રાખ્યું હતું. તો મૌનીબાબા માત્ર મૌનને કારણે પ્રખ્યાત થઈ ગયાં.

મૌનથી કલેશ, વિખવાદ કે વિવાદનો અંત આવે છે તો મૌનથી ડહાપણ, શાંતિ અને અધ્યાત્મની પ્રાપ્તિ થાય છે. મૌન માટે જેટલું લખીએ તેટલું ઓછું છે. મૌનથી ભોગ-યોગ અને મોક્ષનો અનુક્રમે લાભ થાય છે. ત્યારે મૌનની આરાધના વિધિપૂર્વક ક્યારે, કેવી રીતે કરવી તે અૈતિહાસિક વાર્તાથી સમજીએ. મૌનનું પર્વ એ આત્માનું પર્વ બનાવવા માટે દર વર્ષે એક વાર જ પાવન દિવસ આવે છે જે ચૌમાસી ચૌદશ વીત્યા પછી માગસર સુદ-૧૧ને દિવસે મૌન એકાદશીનું પર્વ આવે છે, આ દિવસે ત્રણ ચોવીસીઓના તીર્થંકરોના ૧૫૦ કલ્યાણકો થયાં છે. તેથી આ દિવસ એવો શ્રેષ્ઠ છે કે, આ દિવસે ઉપવાસ કરનારને ૧૫૦ ઉપવાસનું ફળ મળે છે. આવા ઉત્તમ ફલને આપનાર આ પર્વની દરેકે અવશ્ય આરાધના કરવી જોઈએ. આ તિથિની આરાધના કરનાર સુવ્રત શેઠ છે.

એકવાર બાવીશમા શ્રી નેમિનાથ પ્રભુ દ્વારિકા નગરીમાં સમોસર્યા. તે વખતે કૃષ્ણ મહારાજા પ્રભુને વાંદીને સભામાં બેઠા. પ્રભુએ વૈરાગ્યમય દેશના આપી. દેશનાને અંતે કૃષ્ણે પૂછયું કે, 'હે ભગવન્ ! વર્ષના ૩૬૦ દિવસોમાં એવો ક્યો ઉત્તમ દિવસ છે કે, જેમાં કરેલું થોડું પણ વ્રતાદિ તણ ઘણું ફળ આપે ?ં' જવાબમાં પ્રભુએ જણાવ્યું કે, 'હે કૃષ્ણ ! માગસર સુદ-૧૧નો દિવસ સર્વ પર્વોમાં ઉત્તમ છે કારણ કે તે દિવસે ત્રણ ચોવીસીના તીર્થંકરોના ૧૫૦ કલ્યાણકો આવે છે. તે આ પ્રમાણે ઃ- આ ભરત ક્ષેત્રમાં

વર્તમાન ચોવીસીમાં આ દિવસે ૧. અઢારમા શ્રી અરનાથ પ્રભુની દીક્ષા થઈ છે. ૨. એકવીસમા શ્રી નેમિનાથને કેવલજ્ઞાન થયું. છે. ૩. ઓગણીસમા શ્રી મલ્લિનાથનો જન્મ થયો છે. ૪-૫ તેમની દીક્ષા તથા કેવલજ્ઞાન પણ તે જ દિવસે થયાં છે. એમ ભરતક્ષેત્રમાં આ ચોવીસીમાં પાંચ કલ્યાણકો થયાં છે. એ પ્રમાણે કુલ પાંચ ભરતક્ષેત્રો અને પાંચ અૈરાવતક્ષેત્રોમાં પાંચ પાંચ કલ્યાણકો થયાં હોવાથી ૫૦ થયાં. આ પ્રમાણે વર્તમાન ચોવીસીનાં ૫૦ થયાં છે. તે પ્રમાણે અતીત (ગયેલી) ચોવીશીમાં ૫૦ થયાં છે અને અનાગત (આવતી) ચોવીસીમાં પણ ૫૦ થશે. તેથી કુલ દોઢસો કલ્યાણકો આ તિથિએ થયાં છે. માટે આ તિથિએ ઉપવાસ કરવાથી પણ દોઢસો ઉપવાસનું ફલ મળે છે. પરંતુ આ તપની વિધિપૂર્વક જેઓ આરાધના કરે છે તેમના ફળનું તો કહેવું જ શું ? આ તપ ૧૧ વર્ષે પૂરો થાય છે. આ દિવસે મુખ્યતાએ મૌન જાળવવાનું હોવાથી મૌન એકાદશી કહેવાય છે.'

કૃષ્ણ મહારાજે ફરીથી પ્રભુને પૂછ્યું કે, 'હે ભગવંત ! પૂર્વે કોઈ ભાગ્યશાળી જીવે આ પર્વની આરાધના કરી છે ? તેમજ આરાધના કરવાથી તેને શું ફળ મળ્યું ? તે કૃપા કરી જણાવો.' ત્યારે ભગવંતે આ પર્વની આરાધના કરનાર સુવ્રત શેઠની વાર્તા કહી, તેનો સાર આ પ્રમાણે છે.

ધાતકી ખંડમાં દક્ષિણ ભરતાર્ધમાં વિજયપુર નામના નગરમાં નરવર્મા નામે પરાક્રમી રાજા રાજ્ય કરતો હતો, તેને ચંદ્રાવતી નામે રાણી હતી. તે નગરમાં સૂર નામે મોટો વ્યવહારી (વેપારી) રહેતો હતો. તે ઘણો ધનવાન તથા દેવ-ગુરુનો પરમ ભક્ત હતો.

તે શેઠે એકવાર ગુરુને પૂછ્યું કે, 'મારાથી રોજ ધર્મ બની શકતો નથી. માટે મને એવો એક દિવસ કહો કે જે દિવસે કરેલો ધર્મ ઘણા ફળવાળો થાય.' તે વખતે ગુરુએ તેને મૌન એકાદશીનો મહિમા કહ્યો. તે દિવસે ચોવિહાર ઉપવાસ, આઠ પહોરનો પૌષધ કરવો વગેરે વિધિ જણાવી. શેઠે આદરપૂર્વક તે તપ શરૂ કર્યો અને વિધિપૂર્વક તે તપની આરાધના કરી આયુષ્ય પૂર્ણ થયે શેઠ મરણ પામીને આરણ નામના અગિયારમા દેવલોકમાં દેવ થયા.

ત્યાં દેવતાઈ ભોગો ભોગવીને આયુષ્ય પૂર્ણ થયે જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં સૌરીપુર નગરમાં સમુદ્રદત્ત શેઠની પ્રીતિમતી સ્ત્રીની કુક્ષિમાં પુત્રપણે ઉત્પન્ન થયા. તે વખતે માતાને વ્રત પાલવાની ઈચ્છા થઈ.

તેણીએ પૂર્ણ માસે સુંદર પુત્રને જન્મ આપ્યો. મધ્ય રાતે બાળકના નાલને છેદીને ભૂમિમાં દાટતા નિધાન નીકળ્યું, તેનાથી પુત્રનો મોટો જન્મોત્સવ કર્યો. ગર્ભમાં હતો ત્યારે માતાને વ્રત પાલવાની ઈચ્છા થઈ તેથી તે બાળકનું સુવ્રત નામ પાડ્યું.

પાંચ ધાવ માતાથી લાલન-પાલન કરાતો તે સુવ્રત આઠ વર્ષનો થયો ત્યારે મોટા ઉત્સવપૂર્વક નિશાળે ભણવા મૂક્યો. ત્યાં તે સઘળી કળાઓ શીખ્યો. અનુક્રમે યુવાવસ્થામાં આવ્યો ત્યારે પિતાએ ૧૧ સુંદર કન્યાઓ પરણાવી. તેમની સાથે વિષય સુખ ભોગવતો તે કાળ પસાર કરતો હતો.

સમુદ્રદત્ત શેઠે પુત્રની યોગ્યતા જોઈને તેને ઘરનો ભાર સોંપ્યો અને પોતે સામાયિક, પ્રતિક્રમણાદિ ધર્મ કાર્ય કરવામાં સાવધાન થયા અને અનશન કરી મરણ પામી દેવલોકમાં ગયા. ત્યાર પછી સુવ્રત શેઠ અગિયાર ક્રોડ ધનના માલિક થયા. લોકોમાં પણ માનનીય થયા.

એક વખતે તે નગરના ઉદ્યાનમાં શીલસુંદર નામે ચાર જ્ઞાની આચાર્ય પધાર્યા. વનપાલકે વધામણી આપવાથી રાજા પરિવાર સાથે ગુરુને વાંદવા ગયો. તે વખતે સુવ્રત શેઠ પણ ગુરુને વાંદવા આવ્યા. આચાર્યશ્રીએ સભા આગળ ધર્મોપદેશ આપ્યો. તેમાં મૌન એકાદશીનું માહાત્મ્ય જણાવ્યું મૌન એકાદશીના તપની હકીકત સાંભળી સુવ્રત શેઠને તેનો વિચાર કરતાં જાતિસ્મરણ જ્ઞાન ઉપજયુ. તેથી પોતે દેવ ભવના પૂર્વ ભવમાં આ તિથિની આરાધના કરી તેથી દેવ થયો અને ત્યાંથી ચ્યવી અહીં સુવ્રત શેઠ થયો એમ જાણ્યું. આ પ્રમાણે પોતાનો પૂર્વભવ જાણીને ઊભા થઈને બે હાથ જોડીને સુવ્રત શેઠે ગુરુને કહ્યું કે, ‘મારે અંગીકાર કરવા જેવો યોગ્ય ધર્મ જણાવો.’ તે વખતે ગુરુએ પણ સભા સમક્ષ સુવ્રત શેઠનો પૂર્વભવ વર્ણવીને કહ્યું કે તમે પૂર્વભવમાં મૌન એકાદશીનું તપ કર્યું તેથી આ ભવમાં આવી ઋદ્ધિ પામ્યા છો અને હવે પણ તે જ તપ કરો જેથી મોક્ષના સુખ પણ મળશે.

શેઠે પણ ભાવપૂર્વક કુટુંબ સહિત મૌન એકાદશીનું વ્રત ગ્રહણ કર્યું. મૌન અગિયારસને દિવસે શેઠ ઉપવાસમાં મૌન રહે એવું જાણવાથી ચોર લોકો તે દિવસે શેઠને ઘેર ચોરી કરવા આવ્યા. ચોરોને જોવા છતાં શેઠ તો મૌન જ રહ્યા અને ધર્મધ્યાનમાં નિશ્ચલ રહ્યા. ચોરો ધન લઈને ચાલવા લાગ્યા. પરંતુ શાસન દેવીએ ચોરોને થંભાવી દીધા, તેથી તેઓ ત્યાંથી ખસી શક્યા નહીં.

સવારે શેઠ કુટુંબ સાથે ધર્મશાલાએ જઈ ગુુરુને વાંદીને પોસહ પારીને જ્ઞાનની પૂજા કરી ઘેર આવ્યા. ચોરોને તેવી જ અવસ્થામાં ઊભેલા જોયા. પરંપરાએ આ વાત રાજા પાસે ગઈ. રાજાએ ચોરોને પકડવા સુભટોને મોકલ્યા. રાજાના સુભટો ન મારે એવો ચોરો ઉપર શેઠનો દયાભાવ થવાથી સુભટો પણ શેઠના તપના પ્રભાવે થંભી ગયા. આ વાત જાણીને રાજા પોતે ત્યાં આવ્યો. શેઠે રાજાનો આદરસત્કાર કર્યો. શેઠે નમીને ચોરોને અભયદાન અપાવ્યું. શેઠની ઈચ્છા જાણી શાસનદેવે ચોરો તથા સુભટોને મુક્ત કર્યા. સર્વે સ્વસ્થાને ગયા. આથી જૈનશાસનનો મહિમા વધ્યો.

એકવાર મૌન એકાદશીને દિવસે નગરમાં આગ લાગી. તે આગ ફેલાતી ફેલાતી શેઠ પોસહમાં રહ્યા હતા ત્યાં સુધી આવી પહોંચી. લોકોએ શેઠને ઘરમાંથી નીકળી જવા કહ્યું. પરંતુ શેઠ તો કુટુંબ સહિત કાઉસ્સગ્ગ ધ્યાનમાં રહ્યા. શેઠના ધર્મના પ્રભાવથી તેમના ઘર, હાટ, વખારો, પૌષધશાળા વગેરે સઘળું બચી ગયું, તે સિવાય બધું નગર બળી ગયું.

પ્રભાતે શેઠની સઘળી સંપત્તિ બચી ગયેલી જોઈને સર્વ લોકો આશ્ચર્ય પામ્યા, શેઠની ધર્મશ્રદ્ધાના વખાણ કરવા લાગ્યા. આ વાત જાણીને રાજા પણ મંત્રી, સામંતાદિ પરિવાર સાથે શેઠને ત્યાં આવ્યો. તે પણ શેઠની સર્વ સંપત્તિ અખંડ રહેલી જોઈને આશ્ચર્ય પામ્યો. સર્વેએ જૈન ધર્મના વખાણ કર્યા અને આજે જૈન ધર્મનો પ્રભાવ નજરે જોયો એમ બોલવા લાગ્યા. શેઠે પણ તપ પૂરો થયો ત્યારે તપનું મોટું ઉજમાણું કર્યું અને ધર્મના અનેક કાર્યો કર્યા.

શેઠને અનેક પુત્ર, પુત્રીનો પરિવાર હતો. તે બધાંને પરણાવ્યા પછી વૃદ્ધ ઉંમરે પહોંચેલા શેઠે વિચાર કર્યો કે હવે મારે ગુરુ પાસે ચારિત્ર લઈ જન્મ સફળ કરવો જોઈએ. પુણ્યયોગે ચાર જ્ઞાની ગુણસુંદર નામે આચાર્ય ત્યાં પધાર્યા. શેઠે મોટા પુત્રને ઘર સોંપીને તેમની પાસે દીક્ષા લીધી. તે વખતે ઘણું દ્રવ્ય વાપર્યું. શેઠની ૧૧ સ્ત્રીઓએ પણ તેમની સાથે દીક્ષા લીધી.

એકવાર મૌન એકાદશીના દિવસે સુવ્રત સાધુ કાઉસ્સગ્ગ ધ્યાનમાં રહ્યા હતા, તે વખતે મિથ્યાત્વી દેવે તેમની પરીક્ષા કરી. તે દેવે અન્ય સાધુના શરીરમાં પ્રવેશ કરીને સુવ્રત સાધુનો ઓઘો માર્યો. તે વખતે સુવ્રત

સાધુકોપ નહીં કરતા ક્ષમાપૂર્વક વિચારણા કરવા લાગ્યા. વિચારણામાં શુકલ ધ્યાનમાં ચઢી ઘાતી કર્મ ક્ષય કરી કેવલજ્ઞાન પામ્યા. દેવોએ મોટો ઉત્સવ કર્યો.

ત્યાર પછી સુવ્રત કેવલી અનેક જીવોને ધર્મ પમાડી ઘણાં વર્ષો કેવલી પર્યાય પાળી છેવટે અનશન કરી મોક્ષે ગયા. બીજા પણ ઘણા જીવો આ તપનું આરાધન કરી અનેક ઋદ્ધિઓ પામી મોક્ષે ગયા છે. આ પ્રમાણે નેમિનાથ ભગવાને કૃષ્ણ વાસુદેવને મૌન એકાદશીનો મહિમા કહ્યો. તે સાંભળી કૃષ્ણ વાસુદેવ પણ ધર્મ કાર્યમાં ઉદ્યમી થયા.

વાર્તા વાંચનાર ભવ્ય જીવો પણ આ વાર્તા વાંચી આ તપના આરાધક બનો.